પ્રસ્તાવના.

હાલમાં સરકારી નિશાળોમાં બીજા ધોરણવાળા છોકરાઓને ચલાવવા માટે કાઠિયાવાડ ઇલાકાનો નવો નકશો મંજુર થયો છે, તેમાં નાનાં મોટાં તમામ ગામો (શહેરો. કસ્બાઓ અને ગામડાંઓ) લખેલાં છે. અને સરકારી ચાલતી ભૂગોળમાં તો ફક્ત મોટાં શહેરો, પર્વતો વગેરે લખેલાં છે. તેથી એવી વિસ્તાર વાળી નોટ પણ હોવી જોઇએ.

કેટલાક સાહેબોએ એ વિષે નોટો બનાવી છે. પણ તે મારા ધારવા પ્રમાણે સહેલી અને સંપુર્ણ નહિ લાગવાથી સદરહુ નવા નકશાને અનુસરીને આ નોટ બનાવી છે. તેમાં નાનાં મોટાં તમામ જાણવા લાયક મોટાં શહેરો, કસ્બાઓ અને ગામડાંઓ લખેલાં છે; અને છેલ્લે રેલ્વે સ્ટેશનો લખી બીજા પૃષ્ટમાં સડક કાઢી તેપર લખી બતાવ્યાં છે; તેથી તેઓને જરાપણ ગુંચવણ પડશે નહિ. બીજું ધોરણ ભણાવનાર શિક્ષક કે મેહેતાજી એમાં લખેલા ક્રમ પ્રમાણે છોકરાઓને ભૂગોળનો વિષય શીખવશે, તો હું ધારૂં છું કે તેમને કાઠિયાવાડ ઇલાકાની ભૂગોળ વિષે સારૂં જ્ઞાન થશે.

બનાવનાર.

કાઠિયાવાડ ઇલાકાની ભૂગોળ.


દીશાઓ વિષે.

દિશાઓ* ચારછે.(૧)પુર્વ. (૨)પશ્ચિમ. (૩)ઉત્તર. (૪)દક્ષિણ.

જે દિશામાં સૂર્ય ઉગેછે, તેણી તરફ પુર્વ અથવા ઉગમણી દિશા કહેવાય છે.

જે દિશામાં સૂર્ય આથમેછે, તેણી તરફ **પશ્ચિમ** અથવા **આથમણી** દિશા કહેવાય છે.

જે દિશામાં સૂર્ય ઉગેછે તેણી તરફ, એટલે પુર્વ દિશા તરફ આપણે મોં કરીને ઉભા રહીએ; તો જેની કોર જમણો હાથ આવે છે તે **દક્ષિણ** દિશા. અને જેની કોર ડાબો હાથ આવે છે તે **ઉત્તર** દિશા કહેવાય છે.



જેમ દિશાઓ ચાર છે તેમ ખુણા પણ ચાર છે. (૧) **ઈશાન.** (૨) **વાયવ્ય.** (૩) **નૈરૃત્ય.** (૪) **અગ્નિ.** ઇશાન ખુણો ઉત્તર

* ચાર દિશાઓ, ચાર ખુણાઓ તથા આકાશ અને પાતાળ મળીને કુલ દશ દિશા પણ કહેવાય છે.

અને પુર્વ દિશા વચ્ચે છે. વાયવ્ય ખુણો ઉત્તર અને પશ્ચિમ દિશા વચ્ચે છે. નૈરૂત્ય ખુણો દક્ષીણ અને પશ્ચિમ દિશા વચ્ચે છે. અગ્નિ ખુણો દક્ષિણ અને પુર્વ દિશા વચ્ચે છે.

કોઇપણ સ્થળની, મકાનની કે ગામની દિશાઓ ઉપર પ્રમાણે જોવાથી જણાય છે, પણ નકશામાં તો તેની સામા ઉભા રહેવાથી જે મથાળે હોયને ઉત્તર દિશા, નીચે હોયતે દક્ષિણ. જમણા હાથ તરફની દિશાને પુર્વ, અને ડાબા હાથ તરફની ને પશ્ચિમ કહેછે, હવે નકશો એટલે શું? તે તમારે જાણવું જોઇએ. નકશો એટલે કોઇપણ જમીનનો આકાર. તમે જે ઠેકાણે ભણવા આવેલા છો, તેનો આકાર કાઢ્યો હોય; તો તે નિશાળનો નકશો કહેવાય. વળી તમે જે ગામમાં રહોછો તેનો આકાર કાઢ્યો હોય તો તે ગામનો નકશો કહેવાય છે. એવીજ રીતે કાઠિયાવાડ કરીને એક મોટો પ્રાંત છે, તેનો નકશો કાગળની અંદર કાઢેલો છે; તેને **કાઠિયાવાડનો નકશો** કહેછે.

કાઠિયાવાડ ઇલાકો.

મર્યાદા—એની ઉત્તરે કચ્છનું રણ, અને કચ્છનો અખાત; પશ્ચિમે આરબીસમુદ્ર; દક્ષિણે આરબી સમુદ્ર; પુર્વે ખંભાતનો અખાત અને અમદાવાદ જીલ્લો છે.

કાઠિયાવાડ ઇલાકાનું પેહેલું નામ સૌરાષ્ટ્ર હતું. પણ પાછળથી કાઠી લોકો આવીને રહેવા લાગ્યા, અને પોતાને બળે કરીને લુટફાટ, ધાડ અને ચડાઇઓ કરવામાં પ્રખ્યાતી પામ્યા; ત્યારથી તેનું નામ કાઠિયાવાડ પડયું.

કાઠિયાવાડ ઇલાકાના રાજકીય ચાર ભાગ પાડેલા છે. (૧) ઝાલાવાડ અથવા (ઉત્તરભાગ) (૨) ગોહિલવાડ અથવા (પુર્વભા

ગ) (૩) સોરઠ અથવા (દક્ષિણભાગ.) (૪) હાલાર અથવા (પશ્ચિમભાગ.)એ દરેકની તપાસ રાખવાને ઇંગ્રેજ સરકાર તરફથી એકેક અધીકારી રહેછે; તેને આસીસ્ટંટ પોલીટીકાલ એજંટ કહે છે. તે ચાર ભાગમાં ચાર ઠેકાણે રહેછે.

ઉત્તરમાં	ઝાલાવાડ પ્રાંતમાં	વઢવાંણ કેમ્પગાં	રહેછે.
પુર્વમાં	ગોહિલવાડ પ્રાંતમા	સોનગઢમા	રહેછે.
દક્ષિણમાં	સોરઠ પ્રાંતમાં	જેતલસરમાં	રહેછે.
પશ્ચિમમાં	હાલાર પ્રાંતમાં	રાજકોટમાં	રહેછે.

એ ચારેનો ઉપરી એક બીજો અધીકારીછે, તેને પોલીટીકાલ એજંટ કહેછે. તે પણ રાજકોટમાં રહેછે.

*૧ ઝાલાવાડ અથવા *(ઉત્તર ભાગ.)

પર્વત—ઠાંગી, ચોટીલા અને માંડવધાર.

નદીઓ—વઢવાણનો ભોગાવો, લીંબડીનો ભોગાવો, ફલકુ, આભણ, મચ્છુ, ચંદ્રભાગા, કંકાવટી, ઉમઇ, સુકભાદર, ગોમા, ગોદરા, મહા અને વાંસર.

સરોવર—નળ. **રણ**—પાટડીનું.

સંસ્થાન અને તાલુકા.	તેના તાબાના મહાલો કે મોટાં ગામો.
૧ **ધ્રાંગધ્રા**—	ધ્રાંગધ્રા, હળવદ, ચરાડવા, સીથા, ઉમરડા. મેથાણ અને ટીકર.
૨ **લીંબડી.**	લીંબડી, શિયાણી, બસોલ, પાણુશીણા, મોજીદડ, ઝાંપુ, બાવળી, રળોલ, હડાળા અને શાપર,

* છોકરાઓ જે પ્રાંતમાં રહેતા હોય. તે પ્રાંતનું વર્ણન પ્રથમ શીખવવું. * ઝાલાવાડ એ કાઠિયાવાડ જીલાકાની ઉત્તરદિશા તરફછે, માટે તેને ઉત્તર ભાગ પણ કહેછે.

૩ **વઢવાણ.**	વઢવાણ, નાગનેશ, રામપર અને વસ્તડી.
૪ **વાંકાનેર.**	વાંકાનેર, તીથવા, જડેશ્વર અને લુણસર.
૫ **સાયલા.**	સાયલા, સરા, નારીચાણા, ડોળિયા અને ગોસળ.
૬ **ચુડા.**	ચુડાં અને ચોકડી.
૭ **થાનલખતર.**	લખતર, થાન અને લીલાપૂર.
૮ **મુળી.**	મુળી, દીગશર, કુકડા, દાણાવાડા અને ગઢાદ.
૯ **બજાણા.**	બજાણા અને સરવાલ.
૧૦ **પાળિયાદ.**	પાળિયાદ, ભડલી અને કરિયાણા.

એ સિવાય સુદામડા, ચોટીલા, ઘાંધલપૂર, વડોદ, ભોઇકા, ઝીંઝુવાડા, દસાડા, કોટ, તલસાણા, વણોદ, મહીકા, પાટડી, માથક, ભડકવા, મોઢવાણાં, ગેરવા, ભીમોરા, મેવાસા, દુધરેજ, વિઠ્ઠલગઢ, ખોડુ કમાલપર, હડાળા, બલગામડા, ભડવાણ, અંકેવાળીઆ, દેવળીઆ, પળાલી, ગેડી, રાણપૂર, આણંદપૂર, ટીકર વગેરે.

સરકારી થાણાં—વઢવાણ કેમ્પ, ચોટીલા, ભોઇકા, દસાડા, વિઠ્ઠલગઢ, પાળિયાદ.

પેદાશ--કપાસ, બાજરી, ઘઊં, ચણા, જુવાર વગેરે.

૨ ગોહિલવાડ અથવા *(પુર્વભાગ)

પર્વતો—શેત્રુંજો, મોરધાર, તળાજાનો ડુંગર, અને મદાઉન.

નદીઓ—ભાવનગરની ખાડી, ઘેલો, કાળુભાર, શેત્રુંજી, માલણ, ઉતાવળી, ધાતરવડી, બગડ અને બાહર.

---

*ગોહિલવાડ એ કાઠિયાવાડ ઇલાકાની પૂર્વે છે. માટે તેને પુર્વભાગ પણ કહેછે.

સંસ્થાન અને તાલુકા.	તેના તાબાના મહાલો કે મોટા ગામો.
૧ ભાવનગર.	ભાવનગર, શિહોર, કુંડલા, મહુવા, બોટાદ ગઢડા, ઉમરાળા, લીલીઆ, તળાજા, નેસ્ડ્રણવદર, રાજુલા,
૨ પાલીતાણા.	પાલીતાણાં, ગારિયાધાર, મુખડકા, માંડવી અને ઠાડચ.
૩ વળા.	વળા, કમળેજ અને હળિયાદ.
૪ લાઠી.	લાઠી, રાજપર અને વાજુકડ.
૫ ડાઠા.	ડાઠા.
૬ ગણુધોળ.	ગણુધોળ.
૭ ચોક.	ચોક અને દગાવેજ.
૮ બાબરા.	બાબરા અને કોટડાપીઠા.
૯ જસદણ.	જસદણ, વિછીઆ, કનેસરા. સોમનાથ, કાળાસર, પાટણા. કુંદણી, અને ગળિયાણાં.

એ સિવાય નિંગાળા, ધોળા, સોનગઢ, લોલીઆણા, લિમડા, પરવડી, સાવર, ખુંટવડા, બરવાળા, ઘોઘા, તણસા (એ બંને ગામ ઈંગ્રેજ સરકારને તાબે છે) ચમારડી, ઝાંઝમેર, ગોપનાથ, મોટી ધરાઈ, ગઢાળી, મોણપર, માંડવા, ત્રાપજ, વીજપડી, ડુંગર, દસા, લાખણકા; ગઢેચી, હડમતીઆ, કાનપૂર, પછેગામ, દરેડ, રોહીશાળા, ખોપાળા, ઉગામેડી, ભંડારીઆ, વરતેજ, તુરખા, વરલ, વડાલ, બાદ્રોડ, કોળીઆક, ભૂમલી, દીઓર: વાઘનગર, આંબરડી, પીઠવડી, બીગરાડ, દેવગાણા, આંકડીઆ, દેરડી, સણોસરા, ભોજાવદર. ધાંધલી વગેરે.

બંદરો—ભાવનગર, મહુવા, તળાજા, સુલતાનપૂર, ગોપનાથ; ઘોઘા, અને કથીવદર.

સરકારીથાણાં—ચોક, ચમારડી, સોનગઢ, ડાઠા અને બાબરા.

પેદાશ—ઘઊં, કપાસ; બાજરી, જુવાર, કઠોળ, શેરડી વગેરે,

૩ સોરઠ અથવા *(દક્ષિણ ભાગ).

પર્વત—ગીર અને ગીરનાર.

નદીઓ—ધાતરવડી, રાયડી, રાવળ, મછુંદ્રી, શિંગવડો, સરસ્વતી, હીરણ, ઓઝત, ઉબેણ, મેગલ, ભાદર, બુધ્ધી, વેરારી, સુરેખા

સંસ્થાન અને તાલુકા.	તેના તાબાના મહાલો કે મોટાં ગામો.
૧ **જેતપુર.**	જેતપૂર, મેંદરડા, બીલખા, ચીતળ.
૨ **બગસરા.**	બગસરા.
૩ **જાફરાબાદ.**	જાફરાબાદ અને શિયાળબેટ.
૪ **દેડાણ.**	દેડાણ.
૫ **જુનાગઢ.**	જુનાગઢ, વેરાવળ, માંગરોળ, ઉના. દેલવાડા, વણથલી, મોરવાડ, કુતીઆણા, પ્રભાસ પાટણ, ચોરવાડ, તુળશીસ્યામ, સુત્રાપાડા, નાગેશરી, કોટડી, ટીંબી, ભેરાઈ, હાટીના માળિયા, ગાધકડા, શિલ, કેશોદ અને વસાવદર.
૬ **બાટવા.**	બાટવા, ગીદડ, કડીઆળી અને માણાવદર.
૭ **અમરાપૂર.**	અમરાપૂર.

---

* હાલાર એ કાઠિયાવાડ ઈલાકાની પશ્ચિમે છે, માટે તેને પશ્ચિમ ભાગ પણ કહે છે.

૮ પોરબંદર. પોરબંદર, માધવપૂર, કંડોરણા, રાણાવાવ, આડવાણા, મિયાણી, નવીબંદર, વીસાવાડા, અને છાયા.

એ સિવાય ગજેતડી, વણથળી, ખડીઆ, રાણપૂર, બેંસાણ, લાખાપાદર, મહીઆરી, બગસરાગેડ, બાલાગામ, દીવ, (એ ફીરંગીને તાબેછે.) ધોબલા, ભાખી, સામતેર, સનખડા, સીમર, વસાવડ, નવાગઢ, લુણી, બરડાચોકી, માણેકવાડા, લોઢવા, સરસાઈ, નિલાખા, વડાલ, તોરી, કુકાવાવ, વડીઆ, થાણાદેવળી, અકાળા, બરખીઆ, સણોસરા, વાડાસડા, નાગડી, વાંકિયા, મોટીગરમલી, ચરખા, ઢોલરવા, મોણવેલ, વેકરીઆ, હાલરીઆ અને કુબા વગેરે છે.

બંદરો—જાફરાબાદ, સીલ, ભેરાઇ, વેરાવળ, માંગરોળ, પોરબંદર, નવીબંદર અને મિયાણી.

સરકારી થાણાં—માણેકવાડા, આલગધાનાણી, લાખાપાદર, જેતલસર, બગસરા અને ડેડાણ.

પેદાશ—કપાસ, બાજરી, જુવાર, શેરડી, મેવા, મસાલા, અને નાગરવેલનાં પાન.

૪ હાલાર અથવા (*પશ્ચિમ ભાગ.)

પર્વત—બરડો.

નદીઓ—આજી, ઉંડ, રામાવતી, ગોંડલી, ભાદર, રંગમતી, નાગમતી, ધી, આપા, મચ્છુ, દેમાઇ, ઘોડાધ્રાઈ, સાસોઈ, મોજ, વેણુ અને વેરારી,

સંસ્થાનઅને તાલુકા.	તેના તાબાના મહાલો કે મોટાં ગામો.
નવાનગર.	નવાનગર, જોડીઆ, આમરણ, ખંભા-

	ળીઆ, કાળાવડ, કંડોરણું, જોધપૂર, આટકોટ, ભાડલા, બેડી, ઝીંઝોડા, પડધરી, લાલપૂર અને લતીપૂર.
૨ **ગોંડળ.**	ગોંડળ, ધોરાજી, ઉપલેટા, ભાયાવદર, સરસાઇ અને મોવીઆ.
૩ **રાજકોટ.**	રાજકોટ, સરધાર, કુવાડવા, સણોસર, અને હડાળા.
૪ **વીરપુર.**	વીરપૂર.
૫ **કોટડાસાંગાણી.**	કોટડા સાંગાણી અને અરડોઇ.
૬ **ધ્રોળ.**	ધ્રોળ અને સરપદડ.
૭ **ખીરસરા.**	ખીરસરા.
૮ **મોરબી:**	મોરબી, વવાણિયા, ઘાંટીલા, બેલા, મેઘપૂર, ટંકારા અને આધોઇ.
૯ **માળીઆ.**	માળીઆ અને ખાખરેચી.

એ સિવાય દ્રાફા, સુપેડી, ઢાંક, રાવળ, ભાટીઆ, દહીંસડા, છીકારી, પડાણા, સલાયા, મુળીલા, લોધીકા, દેરાળુ, મેગણી, પાલ, પડધરી, હાડીઆણું, ગવરીદડ, ખોખરી, ગણોદ, ભુવાવ, વડાલી, બાલાચડી, બાલંભુ, મલસાણા, નિકાવું, ખાખરિયા, પીઠડીઉ, જાળિઆ, રાજપૂર, ભાડવા, દડવા, મોડાપૂર, ગુહાલી, રાણુ, વણથલી, ખારચીઆ, સરોદડ, પાનેલી, છત્રાસા, પાટણવાવ, જેતલસર, હડમતાળા, જંગી, બગથલા, વાવડી, નેકનામ, કોઠારી, અને કોટડાનાયાણી. ઈ.

બંદરો—નવાનગર, જોડીઆ, બેડી, ખીજડીઆ, ઝીંઝોડું, વારીનાળ, પીંડારા, લીંબાબંદર, વવાણીઆ અને ઝીંગી.

સરકારી થાણાં—રાજકોટ, મુળીલા, લોધીકા, મેંગણી' પ્રાફા, ખરેડી અને અમરાપોર.

પેદાશ—બાજરી, જુવાર, કપાસ, કઠોળ, શેરડી, તલ, ઘઉં, વગેરે.

ગાયકવાડનો મુલક.

ઉપર લખેલા મુલક સિવાય કાઠિયાવાડ ઈલાકામાં ગાયકવાડ સરકારનો મુલક છે. તે નીચે પ્રમાણે.

આખો ઓખામંડળ પ્રાંત, તે સિવાય અમરેલી, ધારી, દામનગર, શીંહાનગર, કોડીનાર, શાહપૂર, ભીમકટા એ મહાલો ગાયકવાડ સરકારને તાબે છે.

ઓખામંડળ પ્રાંત.

નદીઓ—ગોમતી.

ગામો—દ્વારકા, કચ્છીગઢ એ (કચ્છના રાજાને તાબે છે) તે સિવાય આરંભડુ, પોશીતરૂ, ધીણાકી, અને મઢી વગેરે છે.

બંદરો—દ્વારકાં અને પોશીતરૂ.

પેદાશ—બાજરો અને તલ. એ બીજા અનાજ કરતાં ઘણું વધારે પાકે છે.

કાઠિયાવાડના ચારે વિભાગમાંનાં સંસ્થાનો અને તાલુકાને ચઢતા ઉતરતા વર્ગ પ્રમાણે અખત્યાર મળેલો છે, તે કેટલો અને ક્યાં સુધી મળેલો છે; તે નીચે પ્રમાણે.

વર્ગ ૧ લો.

દીવાની કામનો કુલ અખત્યાર છે. અને ફોજદારી કામનો પણ કુલ અખત્યાર છે.

નંબર	સંસ્થાન કે તાલુકો.	રાજ કર્તાની અટક.	રાજકર્તાની જાત.
૧	જુનાગઢ.	નવાબ	બાબી મુસલમાન
૨	ભાવનગર	રાઓળ	ગોહેલ રજપૂત
૩	નવાનગર	જામ	જાડેજા રજપૂત
૪	ધ્રાંગદરા	રાજ	ઝાલા રજપૂત
૫	મોરબી	ઠાકોર	જાડેજા રજપૂત
૬	ગોંડળ	ઠાકોર	જાડેજા રજપૂત
૭	પોરબંદર	રાણા	જેઠવા રજપૂત

વર્ગ ૨ જો.

દીવાની કામનો કુલ અખત્યાર

ફોજદારી કામમાં—દેહાંત શિક્ષા કરવા માટે પોલીટીકાલ એજંટની મંજુરી માગવી પડે છે.

નંબર	સંસ્થાન કે તાલુકો.	રાજ કર્તાની અટક.	રાજકર્તાની જાત.
૧	વાંકાનેર	રાજ	ઝાલા રજપૂત
૨	પાલીતાણા	ઠાકોર	ગોહેલ રજપૂત
૩	ધ્રોળ	ઠાકોર	જાડેજા રજપૂત
૪	લીંબડી	ઠાકોર	ઝાલા રજપૂત
૫	રાજકોટ	ઠાકોર	જાડેજા રજપૂત
૬	વઢવાણ	ઠાકોર	ઝાલા રજપૂત
૭	જાફરાબાદ	નવાબ	હબશી મુસલમાન

વર્ગ ૩ જો.

દીવાની કામમાં—વીશ હજાર રૂપૈઆ સુધીના દાવા ચુકવી શકેછે

ફોજદારી કામમાં—સાત વર્ષ સુધી સખ્ત કેદ તથા દશ હજાર રૂપિઆ દંડ કરી શકે છે.

નંબર	સંસ્થાન કે તાલુકો.	રાજ કર્તાની અટક.	રાજકર્તાની જાત.
૧	વળા	ઠાકોર	ગોહેલ રજપૂત
૨	લખતર	ઠાકોર	ઝાલા રજપૂત
૩	બાટવા	બાબી	બાબી મુસલમાન
૪	જસદણ	ઠાકોર	ખાચર કાઠી
૫	સાયલા	ઠાકોર	ઝાલા રજપૂત
૬	ચુડા	ઠાકોર	ઝાલા રજપૂત

વર્ગ ૪ થો.

દીવાની કામમાં—દશ હજાર રૂપૈઆ સુધીના દાવા ચુકવી શકેછે

ફોજદારી કામમાં ૩ વર્ષ સુધી કેદ તથા પાંચ હજાર રૂપિઆ દંડ કરી શકે છે

નંબર	સંસ્થાન કે તાલુકો.	રાજ કર્તાની અટક.	રાજકર્તાની જાત.
૧	મુળી	ઠાકોર	પરમાર રજપૂત
૨	લાઠી	ઠાકોર	ગોહેલ રજપૂત
૩	બજાણા	મલેક	મલેકમુસલમાન

૪	વીરપૂર	ઠાકોર	જાડેજા રજપૂત
૫	કોટડા (સાંગાણી)	ઠાકોર	જાડેજા રજપૂત
૬	માળીઆ	ઠાકોર	જાડેજા રજપૂત
૭	જેતપૂર	વાળા	કાઠી ખાચર

વર્ગ ૫ મો.

દીવાની કામમાં—૫૦૦૦ સુધીના દાવા ચુકવી શકે છે.

ફોજદારી કામમાં—બે વર્ષની કેદને ૨૦૦૦ રૂપિયા દંડ કરી શકેછે

૧	પાલ	ઠાકોર	જાડેજા રજપૂત
૨	ગવરીદડ	ઠાકોર	જાડેજા રજપૂત
૩	કોઠારીઆ	ઠાકોર	જાડેજા રજપૂત
૪	મેગણી	ઠાકોર	જાડેજા રજપૂત
૫	ગઢકા	ઠાકોર	જાડેજા રજપૂત
૬	માળીઆ (દેવાણીના)	ઠાકોર	જાડેજા રજપૂત
૭	ડેડાણ	ઠાકોર	કાઠી ખાચર
૮	પાટડીનાં ગામો	દેશાઈ	કણબી
૯	વસાવડ		નાગર બ્રાહ્મણ
૧૦	વણોદ		જત મુસલમાન

વર્ગ ૬ ઠો.

દીવાની કામમાં—૫૦૦ સુધીના દાવા ચુકવી શકે છે.

ફોજદારી કામમાં—૩ મહિનાની કેદ ને ૨૦૦ રૂપિયા દંડ કરી શકે છે.

૧	શાપર	ઠાકોર	જાડેજા રજપૂત
૨	રાજપરા	ઠાકોર	જાડેજા રજપૂત
૩	ભાડવા	ઠાકોર	જાડેજા રજપૂત
૪	વંડા	ઠાકોર	ઝાલા રજપૂત
૫	રાજપર	ઠાકોર	ઝાલા રજપૂત
૬	કૂબા	ઠાકોર	ઝાલા રજપૂત
૭	ભોઈકા	ઠાકોર	ઝાલા રજપૂત
૮	દસાડા	મલેક	મલેક મુસલમાન
૯	બાબરા	વાળા	કાઠી ખાચર
૧૦	કોટડાપીઠા	વાળા	કાઠી ખાચર
૧૧	બગસરા	વાળા	કાઠી ખાચર
૧૨	પાળિયાદ		ખાચર કાઠી
૧૩	ચોટીલા		ખાચર કાઠી
૧૪	આણંદપર		ખાચર કાઠી
૧૫	સણોસરા		ખાચર કાઠી
૧૬	વાંકીઆ		ખાચર કાઠી
૧૭	બડલી		ખાચર કાઠી
૧૮	ઈતરીઆ		ખાચર કાઠી
૧૯	કરીયાણા		ખાચર કાઠી
૨૦	રાયસાંકળી		કણબી
૨૧	વીછાવડ		નાગર બ્રાહ્મણ

વર્ગ ૭ મો.

દીવાની કામમાં—કાંઈ પણ જા-

તનો અખત્યાર નથી.
ફોજદારી કામમાં—દીવસ ૧૫ સુધી કેદ અને ૨૫ રૂપિયા દંડ કરી શકે છે.

૧	કરમડ	ઠાકોર	ઝાલા રજપૂત
૨	વડાલી	ઠાકોર	જાડેજા રજપૂત
૩	ખીરસરા	ઠાકોર	જાડેજા રજપૂત
૪	લોધીકા	ઠાકોર	જાડેજા રજપૂત
૫	ખીજડીયા (નાજાણીના)	વાળા	કાઠી ખાચર
૬	કાથરોટા	વાળા	કાઠી ખાચર
૭	કમઢીઆ	મીર	મુસલમાન

આ સિવાય કેટલાક તાલુકા અખત્યાર વગરના છે, તેમને કોઇપણ જાતનો અખત્યાર આપેલો નથી; પણ તેવા ગામનો માલિક પોતાની તરફથી કોઈ આબરૂદાર માણસને મુખત્યાર ઠરાવે, તો તેને પોલીટીકાલ એજંટ સાતમા વર્ગનો અખત્યાર આપી શકે છે.

કાઠિયાવાડ ઇલાકાનું સામાન્ય વર્ણન.

નદીઓ.

વઢવાણનો ભોગાવો—ઠાંગી ડુંગરમાંથી નીકળી ચોટીલા ડોળીઆ, મુળી, વઢવાણ, શિઆણી અને જાંખુ પાસે થઇ પૂર્વના રણમાં ફેલાય છે.

લીંબડીનો ભોગાવો—ઠાંગી ડુંગરમાંથી નીકળી સેજકપુર, વસ્તડી, વડોદ, લીંબડી અને પાણશીણા પાસે થઇ પૂર્વ તરફના રણમાં ફેલાય છે.

વાંસર—ઠાંગી ડુંગરમાંથી નીકળી ભડકવા, મોજીદડ. દરોડ, અને હડાળા પાસે થઈ લીંબડીના ભોગાવાને મળે છે.

સુકભાદર—ઠાંગી ડુંગરમાંથી નીકળી રાણપૂર અને નાગનેશ પાસે થઇ ખંભાતના અખાતને મળે છે.

ગોમા—મદાઉન પર્વતમાંથી નીકળી સરવા, પાળિયાદ અને બોરડી, પીપરડી પાસે થઈ સુકભાદરને મળે છે.

ઉમઈ—ચોટીલા ડુંગરમાંથી નીકળી સીંથા, ઘૂમટ અને મેથાણુ પાસે થઈ કચ્છના રણને મળે છે.

ચંદ્રભાગા—ચોટીલા ડુંગરમાંથી નીકળી ગાળા અને ભરાડા પાસે થઈ કચ્છના રણને મળે છે.

ફુલકા—ચોટીલા ડુંગરમાંથી નીકળી નારીચાણા, બાવળી અને ધ્રાંગધરા પાસે થઈ કચ્છના રણને મળે છે.

ગોડરા—ચોટીલા ડુંગરમાંથી નીકળી ચૂલી, કૂડા અને કૂવા પાસે થઇ કચ્છના રણને મળેછે.

કંકાવતી—ચોટીલા પર્વતમાંથી નીકળી કોઢ અને ઢવાણા પાસે થઈ કચ્છના રણને મળેછે.

બ્રાંભણ—માંડવધાર ડુંગરમાંથી નીકળી ઘનાણુ, સુસવાવ, વાંટાવદર અને ટીકર પાસે થઇ કચ્છના રણને મળે છે.

મહા—માંડવધાર ડુંગરમાંથી નીકળી થાન પાસે થઇ મચ્છુ નદીને મળે છે.

મચ્છુ—ઠાંગી ડુંગરમાંથી નીકળી મહીકા, વાંકાનેર, પંચાસીઆ, મેઘપૂર, માળિયા અને મોરબી પાસે થઇ કચ્છના રણને મળેછે.

ઉતાવળી—એ ભાલમાં ફેલાય છે તેનાપર બોટાદ, બરવાળા વગેરે છે.

ઘેલો—મદાઉન ડુંગરમાંથી નીકળી ગઢડા, લાખણકા, દરેડ. પછેગામ અને વળા પાસે થઇ કાળુભાર નદીને મળે છે.

કાળુભાર—મહાઉન ડુંગરમાંથી નીકળી ઉમરાળા, રતનપર, ચમારડી, ભોળાવદર પાસે થઇ ખંભાતના અખાતને મળેછે.

શેત્રુંજી—ગીર પર્વતમાંથી નીકળી ધારી, પાલીતાણા અને તળાજા પાસે થઈ ખંભાતના અખાતને મળે છે.

બગડ—મોરધાર પર્વતમાંથી નીકળી ડાઠા પાસે થઇ અરબી સમુદ્રને મળે છે.

માલણ—મોરધાર પર્વતમાંથી નીકળી ખુંટવડા અને મહુવા પાસે થઈ અરબી સમુદ્રને મળેછે.

ધાતરવડી—ગીર પર્વતમાંથી નીકળી રાજુલા પાસે થઈ અરબી સમુદ્રને મળે છે.

રાયડી—ગીર પર્વતમાંથી નીકળી નાગેશરી અને જાફરાબાદ પાસે થઈ અરબી સમુદ્રને મળે છે.

રાવળ—ગીર પર્વતમાંથી નીકળી સામતેર અને સનખડા પાસે થઈ અરબી સમુદ્રને મળે છે.

મછુન્દ્રી—ગીર પર્વતમાંથી નીકળી ઉના તથા દેલવાડા પાસે થઈ અરબીસમુદ્રને મળેછે.

શીંગવડો—ગીર પર્વતમાંથી નીકળી ધાંટાવડ અને કોડીનાર પાસે થઈ અરબીસમુદ્રને મળેછે,

સરસ્વતી—ગીર પર્વતમાંથી નીકળી બીજ તથા કાજળી પાસે થઈ અરબીસમુદ્રને મળેછે.

હીરણ—ગીર પર્વતમાંથી નીકળી નાવદરા અને પાટણ પાસે થઇ અરબીસમુદ્રને મળેછે.

મેંગલ—ગીર પર્વતમાંથી નીકળી માળીઆ, ભંડુરી અને શીમર પાસે થઈ અરબી સમુદ્રને મળે છે.

ઉબેણ—ગીર પર્વતમાંથી નીકળી ભેસાણુ, રાણપૂર, ચોકી, મજેવડી, અને વણથળી પાસે થઈ ઓઝતને સળે છે.

ઓઝત—ગીર પર્વતમાંથી નીકળી બાલાગામ પાસે થઈ ભાદરને મળે છે.

ભાદર—મદાઉન ડુંગરમાંથી નીકળી જસદણ, આટકોટ, જેતપૂર, નવાગઢ, ગણોદ, કુતીઆણા, અને નવીબંદર પાસે થઇ આરબી સમુદ્રને મળે છે.

ગોંડલી—ઠાંગી ડુંગરમાંથી નીકળી કોટડા સાંગાણી તથા ગોંડળ પાસે થઇ ભાદરને મળે છે.

મોજ—બડા ડુંગરમાંથી નીકળી ખીરસરા તથા ઉપલેટા પાસે થઈ ભાદરને મળે છે.

વેણુ—બડા ડુંગરમાંથી નીકળી ગીગણી, સીદસર અને કોલકી પાસે થઈ ભાદરને મળે છે.

વેરારી—બડા ડુંગરમાંથી નીકળી પાનાવાડ તથા મોડપર પાસે થઈ ભાદરને મળે છે.

ધી—બડા ડુંગરમાંથી નીકળી ખંભાળીઆ પાસે થઇ કચ્છના અખાતને મળે છે.

રામાવતી—બડા ડુંગરમાંથી નીકળી લાલપૂર તથા છીકારી પાસે થઈ કચ્છના અખાતને મળે છે.

સાસોઇ—બડા ડુંગરમાંથી નીકળી ભાટીઆ, છીકારી અને

બેમાણુ પાસે થઇ કચ્છના અખાત મળે છે.

રંગમતી—બર્ડા ડુંગરમાંથી નીકળી નવાનગર તથા બેડી પાસે થઇ કચ્છના અખાતને મળે છે.

નાગમતી—બર્ડા ડુંગરમાંથી નીકળી નવાનગર પાસે થઇ કચ્છના અખાતને મળે છે.

ઉંડ—બર્ડા ડુંગરમાંથી નીકળી જાળીઆ અને જોડીઆ પાસે થઇ કચ્છના અખાતને મળે છે.

આજી—ઠાંગી ડુંગરમાંથી નીકળી રાજકોટ, પડધરી અને ઝીંઝોડા પાસે થઇ કચ્છના અખાતને મળે છે.

દેમાઇ—માંડવધાર ડુંગરમાંથી નીકળી ટંકારા, કોયલી અને બેડી પાસે થઇ કચ્છના અખાતને મળે છે.

ઘોડાધ્રાઇ—બર્ડાના ડુંગરમાંથી નીકળી માળીઆ અને વરકુસર પાસે થઇ કચ્છના રણમાં જાય છે.

નીચે લખેલી નદીઓ બીજી મોટી નદીઓને કે બીજે ઠેકાણે મળે છે.

સુકભાદરને—ગોમા. મચ્છુને—મહા. લીંબડીના ભોગાવાને—વાંસર. કાળુભારને—ઘેલો. ઓઝતને—ઉબેણ. ભાદરને—ઓઝત, ગોંડલી, મોજ, વેણું અને વેરારી.

કચ્છના રણને મળનારી—ફલકુ, બ્રાંભણ, મચ્છુ, ઘોડાધ્રાઇ, કંકાવટી, ઉમઇ, ફલકુ, ચંદ્રભાગા અને ગોડરા.

કચ્છના અખાતને મળનારી—રંગમતી, નાગમતી, ધી,

આપા, આજી, રામાવતી, ઉંડ દેમાઇ અને સાસોઈ.

ખંભાતના અખાતને મળનારી—કાળુભાર, સુકભાદર, અને શેત્રુંજી.

અરબી સમુદ્રને મળનારી—બગડ, માલણ, ધાતરવડી, રાયડી, રાવળ, મછુંદ્રી, શીંગવડો, સરસ્વતી, હીરણ, મેંગલ અને ભાદર.

પુર્વ તરફના રણમાં પડનારી—વઢવાણનો ભોગાવો, લીંબડીનો ભોગાવો.

નીચેની નદીઓ નીચેના ડુંગરામાંથી નીકળે છે.

વઢવાણનો ભોગાવો, લીંબડીનો ભોગાવો, સુકભાદર, વાંસર, ગોંડલી અને આજી એ ઠાંગી ડુંગરમાંથી નીકળે છે.

ફુલકા, ચંદ્રભાગા, કંકાવટી, ઉમઇ, ગોડરા એ ચોટીલામાંથી નીકળે છે.

બાંભણ, દેમાઈ અને મહા એ માંડવધાર ડુંગરમાંથી નીકળેછે.

ગોમા, ઘેલો, કાળુભાર ને ભાદર એ મહાઉન ડુંગરમાંથી નીકળેછે.

બગડ અને માલણ એ મોરધાર ડુંગરમાંથી નીકળે છે.

શેત્રુંજી, ધાતરવડી, રાયડી, રાવળ, મછુંદ્રી, શીંગવડો, સરસ્વતી, હીરણ, મેંગલ, ઉબેણ અને ઓઝત એ ગીર પર્વતમાંથી નીકળેછે.

ઉંડ, રંગમતી, નાગમતી, રામાવતી, મોજ, સાસોઈ, ધી, આપા અને વેણું એ બડૌ ડુંગરમાંથી નીકળે છે.

પર્વતો—ચોટીલા, ઠાંગી, માંડવધાર, શેત્રુંજો, મોરધાર, લાંબધાર, તળાજાનો ડુંગર, મહાઉન, ગીર, ગીરનાર, અને બડૌ.

સરોવર—નળ.

રણ—કચ્છનું અને પાટડીનું.

અખાત—કચ્છનો અને ખંભાતનો.

ભૂશીર—જગત પોઈંટ.

બેટો—પીરમ, શિયાળ બેટ, દીવ અને સંખોદ્ધાર બેટ.

દ્વીપકલ્પ—કાઠિયાવાડ.

પરમુલ્કી સંસ્થાન—દીવ, (એ ફીરંગીનું છે) જાફરાબાદ. (એ હબશીનું છે.)

ગાયકવાડી સંસ્થાન—અમરેલી, ધારી, કોડીનાર, દામનનગર, શીહાંનગર, શાહાપૂર, ભીમકટા અને ઓખામંડળ પ્રાંત.

બંદરો—ભાવનગર, ઘોઘા, ગોપનાથ, તળાજા, મહુવા, સુલતાનપૂર, કથીવદર, જાફરાબાદ, વેરાવળ, માંગરોળ, ભેરાઇ, સીલ, ચોરવાડ, પોરબંદર, નવિબંદર, મિયાણી, દ્વારકાં, સલાયા, બેડી, જોડીઆ, નવાનગર, વવાણિયા, ઝીંઝોડું, વારીનાળ, ઝીંગી.

હવા ખાવાનાં ઠેકાણાં—હાથબ, ફૂડા, ગોપનાથ, ઝાંઝમેર, વેરાવળ અને બાલાચડી.

જાત્રા કરવાનાં ઠેકાણાં—સેત્રુંજો, ગીરનાર, ગઢડા, મુળી, દ્વારકાં, પ્રભાસપાટણ, તુળશીસ્યામ, પોરબંદર, ગોપનાથ, માધવપૂર, અને પ્રાચીકુંડ.

દીવાદાંડી વાળાં ઠેકાણાં—ભાવનગર, ઘોઘા, પીરમ, ગોપનાથ, મહુવા, જાફરાબાદ, દીવ, વેરાવળ, માંગરોળ, માધવપૂર, નવીબંદર, પોરબંદર, દ્વારકાં, બેટ, પોશીતરૂં, બેડી.

સરકારી થાણાં—વઢવાણ કેમ્પ, ચોટીલા, ભોઇકા, દસાડા, વિઠ્ઠલગઢ, પાળિયાદ, ચોક, ચમારડી, સોનગઢ, ડાઠા, બાબરા, આલગધાનાણી, માણેકવાડા, લાખાપાદર, જેતલસર, બગસરા, ડેડાણ, રાજકોટ, લોધીકા, ધ્રાફા, ખરેડી, મેગણી, અમરાપોર, મૂળીલા.

જંગલો—મહુવાનું, કુંડલાનું અને શીહોરના ડુંગરનું. તેમાં બાળવાના કામનાં આટકાટનાં લાકડાં થાય છે. એ સિવાય બર્ડાનું, લુસારીનું, ગુરગઢનું, અને લોંચના ડુંગરનું. તેમાં ઔષધના કામની વનસ્પતિ અને મોટાં ફળાઉ ઝાડો થાય છે.

ધર્મ—વૈષ્ણવ, સ્વામિનારાયણ, રામાનુજ, શૈવ, જૈન, બૌદ્ધ, મુસલમાન.

પેદાશ—કપાસ, બાજરી, ઘઉં, ચણા, મગ અડદ, મઠ, ચોળા, તલ, શેરડી.

જાનવરી પેદાશ—ઘોડા, ગાય, બળદ, ભેંસો, એ સિવાય ઓખામંડળ પ્રાંતમાં નાની જાતનાં ઊંટ, ઘેટાં, અને બકરાં ઉછેરવામાં આવે છે.

બેવડાં નામ.

કાઠિયાવાડ અથવા સૌરાષ્ટ્ર. સોમનાથપાટણ અથવા પ્રભાસપાટણ. નવાનગર અથવા જામનગર કે નગર. શેત્રુંજો અથવા સિદ્ધાચળ. પોરબંદર અથવા સુદામાપૂરી. બર્ડો અથવા જેઠવાડ. જુનાગઢ અથવા જીર્ણગઢ. વઢવાણ અથવા વર્ધમાનપૂરી. સાયલા અથવા ભગતનું ગામ.

કેટલાંએક સ્થળોની જાણવાલાયક હકીકત તથા તેમાં વખણાતી વસ્તુઓ.

ધ્રાંગધ્રા—એમાં સલાટ લોકોની વસ્તી ઝાઝી છે, અને તેની આસપાસ કુબડી જાતના ઉંચા પથ્થરોની ખાણો છે. **લીંમડી**—ત્યાંની સુડીઓ વખણાય છે. **વઢવાણ**—સાબુ બને છે. **થાન**—માટીનાં વાસણ વખણાય છે. **સાયલા**—લાલા ભગતની જગ્યા છે. **મુળી**—સ્વામીનારાયણનું મોટું મંદીર છે. ત્યાં ઘણા લોક જાત્રા કરવા જાય છે. **ચુડા**—ચત્રભૂજની મૂર્તિ તથા પીંપળીઓ કુવો છે. **સરવાળ**—ત્યાં આગળ મેળો ભરાય છે. **ખેરવા**—પથરાની ખાણોછે. **પાટડી**—ચુડાગરૂં મીઠું પાકે છે. **તરણેતર અને જડેશ્વર**—ત્યાં દરવરસે મોટો મેળો ભરાય છે. **ભાવનગર**—વેપારમાં આખી કાઠિયાવાડમાં સૌથી સરસ છે, ત્યાંના ફાફડા વખણાય છે. **શિહોર**—તાંબા પીતળનાં વાસણ અને તમાકુ વખણાય છે. **સાવરકુંડલાના** ઢોલીઆ. **મહુવા**—લાકડાંનાં રમકડાં. **બોટાદ**—તાળાં અને પટારા. **રાણપુર**—પડોપાંદડી ને મસાલો. **પાળિયાદ**—વીસામણ ભગતની જગ્યા છે. તેની માનતા ઘણી ચાલે છે. **ગઢડા**—સ્વામિનારાયણનું મોટું મંદિર છે, ત્યાંનું કંકુ વખણાય છે. **અગસરા**—ચોફાળ, **ધોરાજી**—ધોતીઆં. **ગોંડળ**—ગોળ. **ચોરવાડ**—નાગરવેલનાં પાન **ખંભાળીઆ**—લોઢાની ખાણોછે. **સલાયા**—મોતી પાકે છે. **નવાનગર**—કંકુ અને બાંધણી. **ઝાલાવાડ**—ઝુમણાં. **કાઠિયાવાડ**—કાંબીઓ તથા ઘોડા. **ભાલ**—ઘઊં. **બર્ડો**—ભેંસો. **મોરબી**—તાંબાપીતળનાં વાસણ. **પાલ**—લાકડીઓ.

પરચુરણ હકીકત.

કાઠિયાવાડ ઇલાકાના રાજકીય ચાર ભાગ પાડેલા છે. પણ તેની અંદરના જુદા જુદા ભાગ જુદા જુદા નામથી ઓળખાય છે. એ ભાગોનાં નામ નીચે પ્રમાણે:—

૧ ઝાલાવાડ. ૨ ગોહિલવાડ. ૩ ઉંડસરવૈયા. ૪ બાબરીઆવાડ. ૫ કાઠિયાવાડ. ૬ સોરઠ. ૭ બર્ડો. ૮ હાલાર. ૯ મચ્છુકાંઠો. ૧૦ ઓખામંડળ.

૧ **ઝાલાવાડ**—આ પ્રાંતમાં ઝાલા રજપૂતોનું રાજ્ય હોવાથી ઝાલાવાડ નામ પડયું. ૨ **ગોહિલવાડ**—આ પ્રાંતમાં ગોહિલ રજપૂતોનું રાજ્ય હોવાથી ગોહિલવાડ નામ પડયું. ૩ **ઉંડસરવૈયા**—ઉંડ અને સરવૈયા રજપૂતોની જમીન હોવાથી. ૪ **બાબરીઆવાડ** બાબરીઆ જાતના કાઠી રજપૂતોનું રાજ્ય હોવાથી. ૫ **કાઠિયાવાડ** કાઠી લોકનાં સંસ્થાન વધારે હોવાથી. ૬ **સોરઠ**—આખા ઈલાકાનુ નામ સૌરાષ્ટ્ર હતું. પણ જ્યારે જુદા જુદા ભાગો જુદા જુદા નામથી ઓળખાવા લાગ્યા; ત્યારે તેટલા ભાગનું નામ સૌરાષ્ટ્ર કે સોરઠ રહ્યું. ૭ **બર્ડો**—બર્ડો ડુંગર આવેલો છે માટે. વળી જેઠવા રજપૂતોનો મુલક હોવાથી જેઠવાડ પણ કહેવાય છે. ૮ **હાલાર**—હાલા રજપૂતોનું રાજ્ય હોવાથી. ૯ **મચ્છુકાંઠો**—મચ્છુ નદીના કાંઠાનો મુલક હોવાથી. ૧૦ **ઓખામંડળ**—ઓખા નામના રાક્ષસના નામપરથી.

ઝાલાવાડ અને કાઠિયાવાડનો ઉત્તરભાગ મળીને ઝાલાવાડ કે

(ઉત્તરભાગ) બનેલો છે. ગોહિલવાડ, ઉંડસરવૈયા અને કાઠિવાડનો પૂર્વભાગ મળીને ગોહિલવાડ કે (પૂર્વભાગ) બનેલો છે. કાઠિયાવાડનો દક્ષિણભાગ, બાબરીયાવાડ, સોરઠ અને બર્ડો મળીને સોરઠ કે દક્ષિણ ભાગ બનેલો છે. હાલાર તથા મચ્છુકાંઠો મળીને હાલાર કે (પશ્ચિમ ભાગ) બન્યો છે.

એ બધા ભાગમાં હાલારનું પાણી સૌથી સરસ અને ચડીઆતું છે. તેમજ બર્ડામાં ભેંસોની પેદાશ સારી હોવાને લીધે ત્યાંનું ઘી સૌથી સરસ થાય છે.

નળકાંઠો—ઝાલાવાડની ઉત્તરમાં કચ્છનું રણ, અને પૂર્વ તરફનું નીચાણ વાળું રણ જેમાં બારે માસ પાણી ભરાઇ રહે છે. તેને નળ સરોવર કહે છે, અને તેની આસપાસના મુલકને નળકાંઠો કહે છે.

પંચાળ—થાન, ચોબારી અને મેવાસ એ ગામોની પાસેના કેટલાએક ભાગને પંચાળ કહેછે. થાન એ પાંડવોના વખતમાં દ્રુપદ શાહેર હતું એમ માને છે.

ભાલ—ઝાલાવાડની પુર્વ તરફના કેટલાએક ભાગને ભાલ કહે છે.

ગર—ગીર પર્વતની આસપાસના મુલકને ગરકાંઠો કહે છે.

કંઠાળ—દરિયા પાસેના મુલકને કંઠાળ કહે છે.

સંસ્થાન—જે ભાગમાં દેશી રાજા રાજ કર્તા હોય, તેને સંસ્થાન કહે છે.

પ્રાંત—જે ભાગમાં ઘણાં સંસ્થાન આવેલાં હોય, તેને પ્રાંત કહેછે.

ઇલાકો—જે ભાગોમાં ઘણા પ્રાંત આવેલા હોય, ને તેની દેખરેખ રાખવા પોલીટીકાલ નીમાએલ હોય; તેને ઇલાકો કહે છે.

બેટ—જમીનના જે ભાગને ફરતું પાણી હોય તેને બેટ કહેછે.

દ્વીપકલ્પ—જમીનના જે ભાગની ત્રણ બાજુએ પાણી હોય, ને એક બાજુએ જમીન હોય; તેને દ્વીપકલ્પ કહેછે.

ભૂશીર—જમીનની અણી લાંબી થઇને સમુદ્રમાં ગઈ હોય, તેને ભૂશીર કહેછે.

અખાત—જમીન ઉપર લાંબા ગએલા સમુદ્રના ફાંટાને અખાત કહે છે.

ડુંગર—જમીનનો થોડો ભાગ ઊંચો હોય તેને, પર્વત- જમીનનો વધારે ભાગ ઊંચો હોય તેને પર્વત કહેછે.


સરોવર—જમીનથી વીંટળાએલા પાણીના ભાગને સરોવર કહેછે.

નદી—મીઠા પાણીનો પ્રવાહ પર્વત કે સરોવરમાંથી નીકળી ઢળતી જગ્યામાં થઈ સમુદ્ર કે બીજી જગ્યાએ મળેછે. તેને નદી કહેછે.

બંદર—દરિયાકાંઠે જે શહેર હોય તેને બંદર કહેછે.

રેલ્વે સ્ટેશન—જે શહેર પાસે થઈને રેલ્વે જતી હોય તેને રેલ્વેસ્ટેશન કહે છે.

ઉત્તર દિશા.



દક્ષીણ દિશા.

આગગાડીના રસ્તા. (સડક).

રેલ્વેસ્ટેશનો.

વઢવાણ-થી ભાવનગર જવું હોય તો.	ધોળાથી ધોરાજી જવું હોય તો.	ધોરાજીથી પોરબંદર જવું હોય તો.	જેતલસર-થી વેરાવળ જવું હોય તો.	વઢવાણથી મોરબી જવું હોય તો.	વઢવાણથી રાજકોટ જવું હોય તો.
વઢવાણ.	ધોળા.	સુપેડી.	જેતલસર.	કુકડા.	કુકડા.
લીંબડી.	જાળીઆ.	ઉપલેટા.	ચોકી.	મુળી.	મુળી.
ચુડા.	ઢસા.	ખાખીજાળીઆ.	વડાળ.	સાયલારોડ.	સાયલા રોડ.
રાણપુર.	લાઠી.	ભાયાવદર.	જુનાગઢ.	ડોળીઆ.	ડોળીઆ.
કુંડલી.	ચીતળ.	મોઢીપાનેલી.	શાપર.	થાન.	થાન.
બોટાદ.	કુણીધાર.	જામજોધપૂર.	લુશાળા.	દલડી.	દલડી.
નિંગાળા.	કુકાવાવ.	બાળવા.	કેશોદ.	વાંકાનેર.	વાંકાનેર.
ઉજળવાવ	ખાખરીઉં	વાંસજાળીઆ.	માળીઆ.	ઢુવા.	વાંકાનેરસીટી
ધોળા.	વાવડી.	સખપર.	ચોરવાડ.	રફાળીઆ.	સીંધાવદર.
સણોસરા.	જેતપુર.	રાણાવાવ.	વેરાવળ.	મોરબી.	ખોરાના.
સોનગઢ.	જેતલસર.	પોરબંદર.			રાજકોટ.
શિહોર.	ધોરાજી.				
વરતેજ.					
ગઢેચી.					
ભાવનગર.					

*ખાસ નકશો જોવાને માટે.

કાઠિયાવાડ ઇલાકાનાં તમામ જાણવા લાયક ગામો.

અખીઆણા. ઝા.	અડવાણું. સો.	અમોદર. સો.	અદતીયાણા. સો.
અડતાળા. ગો.	અમરાપુર. સો.	અલમપર. સો.	અરજણસખ. સો.

* નકશો પુનરાવર્તન થઈ ગયા પછી શિક્ષકે પૂછવાં.

અમતરાઇ.	સો.	ઓડુ.	ઝા.	કડલા.	ગો.	ખડકારા.	ગો.
અજાબ.	સો.	ઓટા.	સો.	કુંભણ.	ગો.	ખડીઆ.	સો.
અકાળા.	સો.	અંકેવાળીઆ.	ઝા.	કુતીયાણા.	સો.	ખમીદાણા.	સો.
અરડોઇ.	હા.	કમાલપર.	ઝા.	કુકસવાડા.	સો.	ખર્જુડી.	હા.
અમરેલી.	ગા.	કરમડ.	ઝા.	કુકવાવ	સો.	ખડબા	હા.
આણુદપર.	ઝા.	કડી.	ઝા.	કુબા.	સો.	ખજુરડા.	હા
આંબરડી.	ગો.	કણુસા.	ગો.	કુવાડવા.	હા.	ખરડી	હા.
આગરીઆ.	ગો.	કચ્છીગઢ.	ગા.	કુંભારીઆ.	હા	ખારાઘોડા.	ઝા.
આંસોદર.	ગો.	કતપૂર.	હા.	કેશરીઆ.	ઝ..	ખાંભલા.	ઝા.
આંબા.	ગો.	કદીઆણા.	ગો.	કેશોદ.	સો.	ખાંડીઆ.	ઝા.
આટકોટ.	હા.	કણુકોટ.	ગો.	કેશીઆ.	હા.	ખાગેશરી.	સો.
આખા.	સો.	કડીયાળી.	સો	કોરડા.	ઝા	ખાજપૂર.	હા.
આંતરોલી.	સો.	કડછ.	સો.	કોઢ.	ઝા.	ખાખડાબેલા	હા.
આણીઆળુ.	સો	કમઢીઆ.	સો	કોઠારીઆ.	ઝા	ખાબર.	હા.
આંકડીઆ.	ગો.	કલ્યાણપર.	હા	કોટડાપીઠા.	ગો.	ખાખરીઆ	હા.
આમરણ	હા.	કારોલ.	ઝા	કોળીઆક.	ગો.	ખાડા.	હા.
આસોટા.	હા.	કાંત્રાડી.	ઝા.	કોદી.	ગો	ખાંભા.	હા.
આરંભડું.	ગા	કાળાસર.	ગો	કોડીનાર.	ગા.	ખારચીયા.	હા.
ઈંગોરાડી	ઝા	કાનપૂર.	ગો.	કોટડી.	સો.	ખાખરેચી.	હા.
ઇશ્વરીઆ.	સો.	કાંધી.	સો.	કોબ.	સો.	ખીજડીઆ.	ગો.
ઉમરડા.	ઝા	કાલેજ	સો.	કોટડામોટા.	સો.	ખારસરા.	હા.
ઉમરાળા.	ગો.	કાજળી	સો.	કોયલી.	સો.	ખીલોસ	હા.
ઉંચડી.	ગો.	કાજળીઆ.	સો.	કોટડાનાયાણી	હા.	ખીમરાણા.	હા
ઉગામેડી.	ગો.	કાતર.	સો.	કોટડાવોરાનું	હા.	ખુટવડા.	ગો.
ઉના.	સો.	કાથરોટા.	સો	કોટડાખાનનું	હા.	ખેરાળી.	ઝા.
ઉટવાળુ	સો.	કાલાવડ.	હા.	કોટા.	હા	ખેરવા.	ઝા.
ઉપલેટા.	હા.	કુડા.	ઝા.	કોઠારી.	હા.	ખેરણા.	ઝા.
એકલેરા.	ગો.	કુકડા.	ઝા.	કંથારીઆ.	ઝા.	ખેરડું.	હા.
ઓળક.	ઝા.	કુવા.	ઝા.	ખરેળી.	ગો.	ખોડુ.	ઝા.

ખોપાળા. ગો.
ખોરાસા. સો.
ખોડાસા. હા.
ખોખરી. હા.
ખંભલાવ. ઝા.
ખંભાળીઆ. હા.
ખંઢેરી. હા.
ગજનવાવ. ઝા
ગઢડા. ગો
ગઢાળી. ગો.
ગણધોળ. ગો.
ગઢેચી. ગો.
ગણા, સો.
ગવરીદડ. હા.
ગઢોદ. હા.
ગઢકા. હા.
ગાળા. ઝા.
ગારિયાધાર. ગો.
ગાધકડા. સો.
ગાળીઆરા, ગો.
ગાળા. હા.
ગાગા. હા.
ગીદડ. સો.
ગીગણી. હા.
ગુજરવદી. ઝા.
ગુંદીઆળા, ઝા.
ગુંગણ, ઝા.
ગુંદરણા, ગો.
ગુંડાળી, સો.
ગુજરડા. ગો.
ગુંડાળી. સો.
ગુંદાળી, હા.
ગુંદા, હા.
ગેડી, ઝા.
ગોખરવાળુ, ઝા.
ગોઝી. ઝા.
ગોદાવરી, ઝા.
ગોપનાથ, ગો.
ગોખલાણા. ગો.
ગોસટા. ગો.
ગોરાળુ. સો.
ગોંડળ. હા.
ઘાંઘલી, ગો.
ઘાંટાવાડા, સો.
ઘાંટીલા, હા
ઘુમટ; ઝા.
ઘુંડુ હા.
ઘોબા. ગો.
ઘોઘલા. સો.
ઘોડાસર. સો.
ચરાડવું. ઝા.
ચમારડી. ગો.
ચરખા. સો.
ચણાકુ, સો.
ચમરપર. હા.
ચાંડલી. હા.
ચીત્રાવાવ. ગો.
ચીખલોદરા સો.
ચીત્રાળા. સો.
ચીતળ. સો.
ચીભડા. હા.
ચીત્રાવડ. હા.
ચુડા. ઝા.
ચુલી. ઝા.
ચુડવા. સો.
ચેલા. હા.
ચોકડી. ઝા
ચોરવીરા. ઝા.
ચોક. ગો.
ચોગઠ. ગો.
ચોકી. સો
ચોરવાડ સો.
ચંડવાડ. સો
છત્રાસા હા.
છાયા. સો
છીકારી. હા
છોડવદી સો
જસદણ. ગો.
જલાલપુર. ગો
જસાપર. સો.
જરખીયા. સો.
જાંબુ. ઝા.
જાળીડા. ઝા.
જાખણ. ઝા.
જાફરાબાદ. સો.
જાળીઆ. હા.
જાળીઆખાખીનું
જાંબુડા. હા.
જીરાગઢ. સો.
જુનાગઢ. સો.
જુથળ. સો.
જેસડા. ઝા.
જેતપુર. સો.
જેતલસર. હા.
જોડીઆ. હા.
જોધપુર. હા.
જગી. હા
ઝમરાળા. ગો.
ઝાંઝમેર. ગો.
ઝીંઝુવાડા. ઝા.
ઝીંઝોડા. હા
ઝીંઝરી. સો.
ઝીકીયાળી. હા.
ટાણા. ગો.
ટાંડા. હા.
ટીકર. ઝા.
ટીડાણું. ઝા.
ટીમાણા. ગો.
ટીંબડી. સો.
ટીંબી. સો.
ટીણમસ. સો.
ટોકરાળા. ઝા.
ટંકારા. હા.
ઠળીઆ. ગો.
ઠાડચ. ગો.
ઠાયાણા. સો.
ડબાસણ. હા.
ડાઠા. ગો.

ડુંગર.	ગો.	દામનગર	ગા.	ધાંધલપુર.	ઝા.	નીકાવું,	હા.
ડેડાણ.	સો.	દારકા.	ગા	ધામા.	ઝા.	નેકનામ,	હા.
ડેળીઆ.	ઝા.	દીગસર.	ઝા	ધામણકા,	ગો	નોધણવદર.	ગો.
ઢવાણ.	ઝા	દીહોર.	ગો	ધારી,	ગા	નંદાણા,	હા.
ઢસા.	ગો.	દીવ.	સો.	ધાક્ષા,	હા	પરનાળા.	ઝા
ઢાંક.	હા	દુધરેજ.	ઝા.	ધારાબંદર,	ગો.	પગાલા,	ઝા
ઢોલરવા	સો.	દુદાણા.	ગો	ધીણકી,	ગા.	પરવડી,	ગો.
તલસાણા.	ઝા.	દુધઈ	હા.	ધુળકોટ,	હા.	પસવી	ગો.
તગાજી.	ગો.	દેવળીઆ.	ઝા	ધુતાવ,	હા	પછેગામ,	ગો.
તલસરા.	ગો.	દેવચરાડી.	ઝા	ધુતારપુર.	હા	પરતાપસર.	સો.
તરેડ.	ગો	દેદાદરા.	ઝા	ધુમલી.	હા.	પલાંસવા,	સો.
તણસા	ગો.	દેરાળું,	ઝા.	ધોળા	ગો.	પડાણા	હા.
તાપજ.	ગો.	દેવળી.	ગો.	ધોકડવા,	સો.	પડધરી,	હા.
તારાણું.	હા	દેવકા,	ગો.	ધોરાજી,	હા.	પાણશીણા,	ઝા.
તીથવા.	ઝા.	દેવગાણા.	ગો.	ધંધુસર,	સો.	પાટડી,	ઝા.
તુરખા.	ગો.	દેવળા.	હા	નગવાડા,	ઝા.	પાળિયાદ.	ઝા
તુળસીશ્યામ.	સો.	દેલવાડા.	સો.	નવાગઢ.	સો	પાલીતાણા.	ગો
તોરી.	સો.	દેગામ,	સો.	નવીબંદર.	સો.	પાટણા,	ગો.
તોરણીઆ	સો.	દેરડી,	ગો.	નવાનગર.	હા.	પાંચવડા.	ગો.
થળા.	ઝા.	દેવળીઉં,	હા.	નાગનેશ.	ઝા.	પાટણ,	ગો.
થાન.	ઝા.	દેરાવાળીનાંદુરી	,,	નારીચાણા.	ઝા.	પાલડી,	સો.
થાણાદેવળી.	સો.	દેવાણી,	હા.	નાગેશરી.	સો.	પ્રાચીકુંડ	સો.
દસાડા.	ઝા.	દોણ,	સો.	નાંવદરા.	સો.	પાલ.	હા.
દરેડ.	ગો.	ધનાણુ,	ઝા.	નાગડી.	સો.	પાનેલી.	હા.
દડવા.	હા.	ધણફુલીઆ,	સો	નાગકા,	સો.	પાંચદેવળા.	હા.
દહીંસરા.	હા.	ધમાસા,	સો.	નાંદરખા.	સો	પાટણવાવ,	હા.
દાણાવાડા.	ઝા.	ધધરાળ,	સો.	નાગવદર,	હા.	પીપળીઆ,	ઝા.
દાત્રડી.	ગો.	ધરસીડ,	હા.	નીંભાળા.	ગો.	પીચલપુર.	ગો.
દાત્રાણા	સો.	ધાંગદરા.	ઝા.	નીલાખા,	હા.	પીપળવા,	ગો.

પાંપરાળા,	ગો.	બામણાસા.	સો.	ભમોદરા,	ગો.	ભંડુરી,	સો.
પીઠવડી,	ગો	બાલાગામ.	સો.	ભડલા,	હા.	મહીકા,	ઝા.
પીખોર.	સો.	બાબરકોટ.	સો.	ભલસાણા,	હા.	મહુવા,	ગો.
પીપરીઆ.	સો.	બાટવા.	સો.	ભરાણુ.	હા.	મજેવડી,	સો.
પીઠડીઉ.	હા.	બાલાપોર.	સો.	ભણુગોળ.	હા.	મઢીઆરી,	સો.
પીઠડ.	હા.	બાલાચડી.	હા.	ભાડવાણા,	ઝા	મઠડ,	હા.
પીરમ.	ગો	બાલંભુ.	હા.	ભાડુકા.	ઝા.	મઢી.	ગો.
પોરબંદર.	સો.	બાણુગાર.	હા	ભાવનગર,	ગો.	માથક,	ઝા.
પોશીતરૂં,	ગા	બારા.	હા.	ભાન્દ્રોડ.	ગો.	માલણપર.	ઝા.
ફતેપુર.	ઝા.	બાંકોડી,	હા.	ભાણવડ.	હા.	માલણીયાદ	ઝા.
ફટાણા.	સો.	બાળવા.	હા.	ભાથરોટ.	સો	માણાવગુ.	ઝા.
બજાણા	ઝા	બીલા.	ગો.	ભારવાડા.	સો.	માળીઆ,	હા.
બળદાણા.	ઝા	બીજ.	સો.	ભાદ્રા.	હા.	માંડવો,	ગો.
બળોલ.	ઝા.	બીલખા.	સો.	ભાટીયા,	હા.	મત્રાટીંબ,	ગો.
બરવાળા.	ગો.	બુઢણા.	ગો.	ભાયાવદર,	હા	માંડવા,	ગો.
બગડાણા.	ગો.	બેલા.	હા	ભાડવા,	હા.	માંડવધાર,	ગો.
બબેટાણા.	ગો.	બેલી	હા.	ભાતેલ,	સો.	માળીઆ,	સો.
બગુડ.	ગો.	બોડીપાંપરડી.	ઝા.	ભીમોરા,	ઝા.	માંગરોળ,	સો.
બગસરા.	સો.	બોટાદ.	ગો.	ભીમડાદ,	ગો.	માણાવદર,	સો.
બરડાચોકી.	સો	બોખીરા.	સો.	ભીંગરાડ,	ગો.	માણેકવાડા,	સો.
બખરલું.	સો.	બોરડી.	સો.	ભીંડોરા,	સો.	માધવપુર,	સો.
બળેજ.	સો	બોડક,	હા.	ભીમકટા.	ગા.	માધાપુર,	હા.
બગડુ.	સો.	બલગામડું.	ઝા.	ભુમલી,	ગો.	માખીયાળા,	સો.
બળધોઈ.	હા.	ભડકવા.	ઝા.	ભેંસાણ,	સો.	મારડ,	સો.
બગથલા.	હા.	ભલાલા,	ઝા	ભેરાઇ,	સો.	મીતી,	સો.
બાવળી.	ઝા.	ભથાણ,	ઝા.	ભોઇકા,	ઝા.	મુંજીયાસર,	સો.
બામણબોર.	ઝા.	ભરાડા,	ઝા.	ભોજાવદર,	ગો.	મુળીલા,	હા.
બાબરા.	ગો.	ભડલી.	ગો.	ભોગાવદર,	સો.	મુગલાણ.	ગો.
બાબરિયાધાર.	ગો.	ભદ્રાવળ,	ગો.	ભોગાત,	હા.	મેવાસા.	ઝા.

મેમકા.	ઝા.	રબારીકા,	સો.	લીલીયા.	ગો.	વડી.	સો.
મેથાણ.	ઝા.	રાણપુર;	ઝા.	લીંબાધાર.	ગો.	વડેરા,	સો.
મેસરીઆ	ઝા.	રામપરૂ,	ઝા.	લીલવળા.	ગો.	વરજાંગ,	હા.
મેઘપુર.	હા.	રાજચરાડી,	ઝા.	લીંબુડા.	સો.	વવાણીઆ.	હા.
મેલીલાક,	સો.	રાજુલા,	ગો.	લુણસર.	ઝા.	વરાવાળા,	હા.
મેંદરડા.	સો.	રાજપરા,	ગો.	લુણી.	સો.	વરવાળુ.	ગો.
મેગણી,	ગો.	રાણીગામ.	ગો.	લુસાળી.	સો.	વાંકાનેર,	ઝા.
મેવાસા.	હા.	રામણુકા,	ગો.	લોલીયાણા.	ગો.	વાટાવદર,	ઝા.
મેઘપુર.	હા.	રાજપાપળા,	ગો.	લોઠપર.	ગો.	વાળાસણુ,	ઝા.
મેમાણા	હા.	રાણાવાવ,	સો.	લોઢવા	સો.	વાલુકડ,	ગો.
મોજીદડ,	ઝા	રાજકોટ.	હા.	લોઢપર.	સો.	વાઘનગર,	ગો.
મોઢવાણા.	ઝા.	રાવળ,	હા.	લોએજ.	સો,.	વાંગધ્રા,	ગો.
મોરવાડ,	ઝા.	રાજપુર,	હા.	લોઢીકા.	હા	વાંઢ,	સો.
મોણપર,	ગો,	રાફુદડ..	હા	લંગોદરા.	સો,	વાંકીયા,	સો.
મોતીસરી,	ગો.	રાણ.	હા.	નગા.	ઝા.	વાઘણીઆ,	સો.
મોટીધરાઈ,	ગો.	રામોદ	હા.	વણોદ.	ઝા.	વાનાવાડ,	હા.
મોઠા,	સો	રાજપરૂ	હા.	વડોદ.	ઝા.	વાવડી,	હા.
મોઢવાડા,	સો.	રેવા,	ગો.	વસ્તડી.	ઝા.	વીઠલગઢ,	ઝા.
મોણુવેલ,	સો.	રોહીશાળા.	ગો.	વડગામ.	ઝા	વીંછીયા.	ગો.
મોરપુર.	હા.	રોજડી.	સો.	વનાળીઉ.	ઝા.	વીજપડી,	ગો.
મોરાણું,	હા.	લખતર.	ઝા.	વળા.	ગો.	વીસણવેલ,	સો.
મોરબી,	હા.	લતીપુર.	ગો.	વરતેજ,	ગો.	વીસાવદર,	સો.
મોવીઆ,	હા.	લાઠી.	ગો.	વરલ,	ગો.	વીસાવાડા,	સો.
મોડાપુર,	હા.	લાખણુકા.	ગો.	વડાલ,	ગો.	વીરવાવ,	હા.
મોવાણા,	હા.	લાઠીદડ.	ગો.	વડ,	ગો.	વીરપુર,	હા.
મોરગર,	હા.	લાખાપાદર.	સો.	વણથલી,	સો.	વેળાવદર,	ઝા.
મોખાવડ,	હા.	લાલપુર.	હા.	વસાવડ,	સો.	વેરવળ,	સો.
મોણુકા,	સો.	લીંબડી.	ઝા.	વડલી,	સો.	વેરાડ,	હા.
રતનપુર,	ગો.	લીમડા.	ગો.	વડવાળુ,	સો.	વેકરી,	સો.

વંડીઆ,	સો.	સમલા,	ઝા.	સાંતલપુર,	સો.	સેજકપુર,	ઝા.
શામપુર,	હા.	સરવા,	ઝા.	સામતેર,	સો.	સોમાસર,	ઝા.
શાપર,	હા.	સથરા,	ગો	સાનવાવ,	સો.	સોનગઢ,	ગો.
શાતુદડ,	હા.	સણોસરા,	ગો.	સાણુથલી,	સો.	સોદાણા,	સો.
શાહાપુર,	ગા.	સતાપર,	ઝા.	સીદસર,	ગો.	હળવદ,	ઝા.
શીયાણી,	ઝા.	સનખડા,	સો.	સીથા,	ઝા.	હડાળા,	ઝા.
શીહોર,	ગો	સરસાઇ,	સો.	સીધાવદર,	ઝા.	હડમતીયા,	ગો.
શીંગડું,	સો.	સમઢીયા.	સો.	સીમર,	સો.	હલેડા.	હા.
શીહાનગર.	ગા.	સનાળા,	સો.	સીલાણા.	સો	હરિપર.	હા.
શેદુભાર,	સો	સજ્ઞાયા,	હા.	સીલ,	સો.	હડમતાળા,	હા.
શેભાવડલા,	સો.	સરપદડ,	હા	સીતારા,	હા.	હળિયાદ,	ગો.
સરા,	ઝા.	સરધાર,	હા.	સુદામડા,	ઝા.	હાથબ,	ગો
સરવાળ,	ઝા.	સરોદડ.	હા.	સુરવદર,	ઝા	હાથસણી,	ગો.
સરધારકું,	ઝા.	સાયલા,	ઝા	સુસવાવ,	ઝા.	હાલરીઆ,	સો.
સણોસરા,	ઝા.	સાયકડા,	ઝા.	સુલતાનપર,	ગો.	હાડીઆણા,	હા.
સમઢીયાળા,	ઝા.	સાવર,	ગો.	સુત્રાપાડા,	સો		
સદાદ,	ઝા.	સાંઢખાખરા,	ગો.	સુપેડી,	હા.		

સમાપ્ત.

જાહેર ખબર.

સેહેલી અને સસ્તી—

☞ કાઠિયાવાડ ઇલાકાની ભૂગોળ.

ગુજરાતી બીજું ધોરણ શિખનાર, શિખવનારને ઉપયોગી.

એક હજાર નકશા છપાવી છે. તેનો અર્ધ ભાગ તો ઘણાં થોડી મુદતમાં ખપી ગયો છે; એ પરથી જણાશે કે તે કેવી ઉપયોગી છે. એની અંદર જીલ્લે સડક કાઢી રેલ્વે સ્ટેશનો બતાવ્યાં છે, જેથી બીજું ધોરણ ભણનાર તથા ભણાવનારને એક ઉપયોગી સાધન થશે. જેને જોઈએ તેણે અમોને લખી મોકલવું; પણ તેની કીમત આગાઉથીજ મોકલવી. કીમત ઘણીજ સસ્તી એટલે માત્ર એકજ આનો છે. પણ રૂપિયાની મંગાવશે તો ૧૮ પ્રત મોકલીશું. પોસ્ટેજ જુદું જેમને જોઈએ તેમણે નીચેને શીરનામે લખી મોકલવું.

હરજીવન બેહેચર દોશી.
બોટાદ. કાઠિયાવાડ.